


## શ્લોક : 3

## ભૂતલ પર પધારવાનો પ્રકાર

**ભુવં ભુવનપાવનીમધિગતામનેકસ્વનૈઃ**
**પ્રિયાભિરિવ સેવિતાં શુકમયુરહંસા દિભિઃ ।**
**તરંગભુજકંકણા પ્રકટ મુક્તિકા વાલુકા**
**નિતમ્બતટસુન્દરી નમત કૃષ્ણતુર્યપ્રિયામ ||3||**

શબ્દાર્થ : **ભુવં** = ભુમિને, પૃથ્વીને, **ભુવનપાવનીમ્** = ચૌદ ભૂવનને પાવન કરનાર, **અધિગતાં** = પધારતા, **અમનેકસ્વનૈઃ** = ઘણા શબ્દો વડે, નિનાદ વડે, **પ્રિયાભિઃ** = પ્રિયાઓ વડે, સખીઓ વડે, **ઈવ** = જાણે, **સેવિતાં** = સેવાએલા, **શુકમયુરહંસાદિભિઃ** = પોપટ, મોર, હંસ વગેરે વડે, **તરંગ** = મોજાં, **ભુજકંકણ** = હાથના કંકણ, **પ્રકટ** = સ્પષ્ટ, **મુક્તિકા** = મોતી, મુક્તાફળ, **વાલુકા** = રેતી, **નિતમ્બતટસુન્દરી** = સુંદર સ્ત્રીના રેસાળ, ભર્યાભાદર્યા અને સુંવાળા નિતંબ જેવા તટ (કિનારા) વાળા, **નમત** = નમન હો, **કૃષ્ણતુર્યપ્રિયામ્** = શ્રી કૃષ્ણના ચોથા પ્રિયા (શ્રી યમુનાજી).

ભાવાર્થ : ચૌદ ભુવનને પાવન કરનાર, શિખર પરથી પૃથ્વી પર (ભૂતલપર) ઘણા નિનાદ સાથે પધારતા, જાણે પોપટ, મોર, હંસ વગેરે પક્ષીઓ રૂપી સખીઓથી સેવાતા હોય એવા, પોતાની લહેરો રૂપી હસ્તકંકણ પર સફેદ રેતી રૂપી મોતી સ્પષ્ટ રીતે જડેલા છે એવા અને સુંદર સ્ત્રીના રસાળ ભર્યાભાદર્યા અને સુંવાળા નિતંબ જેવા તટ (કિનારા) વાળા શ્રી કૃષ્ણ પ્રભુના ચોથા પ્રિયા શ્રીયમુનાજીને નમન હો. (અહીં શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણની અષ્ટ પટરાણીઓમાંના ચોથા પટરાણી નથી ગણવાના, પરંતુ શ્રી કૃષ્ણની ચાર પ્રિયાઓ : ૧. સ્વામિનીજી, ૨.શ્રુતિરૂપ અન્યપૂર્વાઓ, 3. ઋષિરૂપા અનન્ય પૂર્વાઓ અને ૪.શ્રીયમુનાજીને અહીં ચોથા પ્રિયા ગણવાના છે).

શુક મોર સારસ હંસ આદી પક્ષીથી સેવાયેલા
ગોપી જનોએ સેવ્યા ભુવન સ્વજન પાવન રાખતા
તરંગ રૂપ શ્રી હસ્તમાં રેતી રૂપે મોતી તણા
કંકણ સરસ શોભી રહ્યાં શ્રી કૃષ્ણ ને પ્રિય જે
નિતમ્બ રૂપ શ્રી તટ તણું અદ્ભુત દર્શન થાય જો
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રી કૃષ્ણ આશ્રય આપજો||3||